Total No. of Printed Pages : 4 **Seat No. :** | | | | | | | |

# 167(G)

**(MARCH, 2022)**

***Time : 3 Hours]*** ***[Maximum Marks : 100***

**સૂચનાઓ :**

1. **આ પ્રશ્નપત્રમાં કુલ 59 પ્રશ્નો છે.**
2. **બધા પ્રશ્નો ફરજિયાત છે.**
3. **પ્રશ્નની સૂચના પ્રમાણે જ જવાબ લખવા.**
4. **નવો વિભાગ નવા પાના પર લખવો.**

## વિભાગ – A

- **નીચેના 1 થી 15 વિકલ્પોવાળા પ્રશ્નો છે. દરેકનો એક ગુણ છે : [15]**

1. કુન્તક વરણી કયા પાકમાં કરવામાં આવે છે ?
   (A) બાજરી (B) તમાકુ
   (C) શેરડી (D) કપાસ
2. ભારતમાં અત્યાર સુધી ઉંદરની કેટલી જાતો છે ?
   (A) 110 (B) 122
   (C) 130 (D) 118
3. ઈસબગુલનું વાવેતર ગુજરાતના કયા વિસ્તારમાં વધુ થાય છે ?
   (A) દક્ષિણ ગુજરાત (B) સૌરાષ્ટ્ર
   (C) કચ્છ (D) ઉત્તર ગુજરાત
4. નીચેનામાંથી કઈ જાત બિનપિયત ઘઉંની છે ?
   (A) સી.જે. - 104 (B) અરણેજ - 28
   (C) લોક - 1 (D) કલ્યાણ સોના
5. જીરાના પાકમાં કયું નિંદામણ થાય છે ?
   (A) જીરાડાં (B) ચીલ
   (C) ભૂમસી (D) ચીઢો
6. અનાજના ગોડાઉનની દિવાલો પર કઈ દવાનો છટકાવ થાય છે ?
   (A) 2-4-D (B) રોટેનોન
   (C) મેલાથિયોન (D) રોગર

7. નીચેનામાંથી કઈ જાત મકાઈની સુધારેલી જાત છે ?

(A) ગંગા-2
(B) ગંગા-105
(C) ગંગા-100
(D) અંબર

8. અનાજ સંગ્રહમાં કયો પદાર્થ ભેળવવામાં આવે છે ?

(A) કોલસો
(B) ડી.ડી.ટી.
(C) રાખોડી
(D) રોગર

9. દિવેલા બીજ-ઉત્પાદનમાં બે ચાસ વચ્ચે કેટલા સે.મી.નું અંતર હોય છે ?

(A) 125
(B) 120
(C) 122
(D) 128

10. શેરડીના રસમાંથી ખાંડની ચકાસણી માટે કયું સાધન વપરાય છે ?

(A) લેક્ટોમીટર
(B) બ્રિક્સ સેક્રેટોમીટર
(C) થર્મોમીટર
(D) બ્યુટરોમીટર

11. ડી.એ.પી. ખાતરમાં કેટલા ટકા નાઈટ્રોજન હોય છે ?

(A) 20
(B) 46
(C) 38
(D) 18

12. ગુજરાતમાં કલોલ ખાતે રાસાયણિક ખાતરનું કયું કારખાનું આવેલ છે ?

(A) ઈફકો
(B) કૃભકો
(C) જી.એન.એફ.સી.
(D) જી.એસ.એફ.સી.

13. કપાસના ફૂલની કળીને પૂંકેસર વિહોણી કરવા કઈ પદ્ધતિ વપરાય છે ?

((A) સંકરણ
(B) અનુકૂલન
(C) જાપાની
(D) ડૉક

14. ઉંદર નિયંત્રણની પદ્ધતિઓ કેટલી છે ?

(A) ચાર
(B) બે
(C) છ
(D) આઠ

15. સંકર-4 કપાસનું અલગીકરણ અંતર જણાવો :

(A) 45 મીટર
(B) 55 મીટર
(C) 50 મીટર
(D) 48 મીટર

## વિભાગ – B

- **નીચેના 16 થી 30 સુધીના અતિ ટૂંકા પ્રશ્નો છે. દરેકનો એક ગુણ છે :** **[15]**

16. બાજરીના પાકમાં કયો રોગ વધારે આવે છે ?
17. રાઈમાં કેટલા ટકા તેલનું પ્રમાણ છે ?
18. અનાજ સંગ્રહનાં સાધનોના નામ લખો.
19. મકાઈ ગંગા-2 સુધારેલી જાત ક્યારે બહાર પાડવામાં આવી છે ?
20. સેલ્ફોસની ટીકડીમાંથી કયો વાયુ નીકળે છે ?
21. પિયત ઘઉંનું મુખ્ય સંશોધન કેન્દ્ર જણાવો.
22. જુવાર બીજ-ઉત્પાદનમાં આઈસોલેશન અંતર કેટલું રાખવું ?
23. પાક-સુધારણાનો મુખ્ય હેતુ શું છે ?
24. ઉંદરો ખેતરમાં કયા કયા પાકને નુકસાન કરે છે ?
25. અજમાનો છારો કયા રોગ પ્રેરકથી થાય છે ?
26. રવિ પાક એટલે શું ?
27. એક હેક્ટર શેરડીના વાવેતર માટે કેટલા હજાર કટકાની જરૂર પડે છે ?
28. કપાસના માદા છોડ ઉપર કેટલા દિવસે ફૂલ આવે છે ?
29. કઠોળ પાકોનું સંશોધન કેન્દ્ર જણાવો.
30. ઝીંક ફોસ્ફાઈડ ઉંદર માટે કયા ઝેર તરીકે અસર કરે છે ?

## વિભાગ – C

- **નીચેના 31 થી 42 સુધીના ટૂંકા પ્રશ્નો છે. કોઈ પણ દસ પ્રશ્નોના જવાબ લખો. દરેકના બે ગુણ છે :** **[20]**

31. કુન્તક વરણી કયા કયા પાકોમાં કરવામાં આવે છે ?
32. પાક-સુધારણાની અદ્યતન પદ્ધતિ કઈ છે ? તેનો મુખ્ય હેતુ શો છે ?
33. સંકર દિવેલા-3 માંટે કઈ નર-માદા જાતની ભલામણ કરેલ છે ?
34. ભૂકી છારાના રોગનું નિયંત્રણ જણાવો.
35. રાઈની સુધારેલી જાતો અને તેલના ટકા જણાવો.
36. સંકરણ એટલે શું ?
37. બીજ-સંગ્રહની પદ્ધતિઓ જણાવો.

38. બટાટાના પાકમાં કોહવારાના રોગને અટકાવવાના ઉપાયો જણાવો.

39. સંગ્રહેલા અનાજના ભોટવાં જીવાત કયા કયા પાકને નુકસાન કરે છે ?

40. સંકરણ એ પાક-સુધારણાની શ્રેષ્ઠ પદ્ધતિ છે.

41. લોટના ફુંદાની ઓળખ આપો.

42. ઉંદરો માણસ જાતના દુશ્મન શા માટે ગણાય છે.

## વિભાગ – D

- **નીચેના 43 થી 54 સુધીના લઘુ પ્રશ્નો છે. કોઈ પણ દસ પ્રશ્નોના જવાબ લખો. દરેકના ત્રણ ગુણ છે :** **[30]**

43. સંકરણ વખતે રાખવાની કાળજી.

44. બીજને દવાનો પટ આપતી વખતે કયા કયા મુદ્દા ધ્યાનમાં રાખવા ?

45. સંકર જાતોમાં બીજ દર વર્ષે બદલવા પડે છે.

46. બીજ-સુધારણાની પરંપરાગત પદ્ધતિ અને બીજ-સુધારણાની આધુનિક પદ્ધતિ વચ્ચેનો ભેદ સમજાવો.

47. સંગ્રહ કરેલા અનાજમાં કીટકોનો ઉપદ્રવ અટકાવવાના ઉપાયો જણાવો.

48. બટાટાનું બિયારણ સિમલાથી મંગાવવામાં આવે છે.

49. કીટકો મનુષ્યને કઈ રીતે ઉપયોગી છે તે જણાવો.

50. ઉંદરનો ટૂંકમાં પરિચય આપો.

51. બીજ-સુધારણાના હેતુઓ જણાવો.

52. લોટનું ફુંદું અને ડાંગરનું ફુંદુ વચ્ચેનો ભેદ સ્પષ્ટ કરો.

53. શેરડીના બીજની પસંદગી વખતે ધ્યાનમાં રાખવાના મુદ્દા જણાવો.

54. અનાજના ફુંદાની ઓળખ અને નુકસાનનો પ્રકાર જણાવો.

## વિભાગ – E

- **નીચે આપેલ 55 થી 59 સુધીના નિબંધ પ્રકારના પ્રશ્નો છે. કોઈ પણ ચાર પ્રશ્નોના જવાબ આપો. દરેકના પાંચ ગુણ છે :** **[20]**

55. સંકરણમાં નિયત થયેલ વિધિક્રમ કે પગથિયા જણાવો.

56. ગુજરાત સંકર દિવેલા-3ની બીજ-ઉત્પાદન પ્રક્રિયા સમજાવો.

57. પાક-સુધારણાની પદ્ધતિઓ જણાવી સંકરણ વિશે સમજાવો.

58. ધાણાની ખેતી પદ્ધતિની સવિસ્તાર માહિતી લખો.

59. ઉંદર નિયંત્રણની પદ્ધતિઓ જણાવી પરિસ્થિતિક નિયંત્રણ વિશે સમજાવો.